ખાનગી

ક્રમાંકઃISC-7/યુનિ/૨૦૧૬/ ૬૨૫૫-૫૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૨,
ગુ. રા. , ગાંધીનગર ,
તા.૦૪/૦૩/૨૦૧૬

પ્રતિ,
કુલપતિશ્રી ,
ગુજરાત યુનિવર્સિટી ,
નવરંગપુરા, અમદાવાદ – ૦૯

**વિષય: શાંતિ બિઝનેસ સ્કૂલ દ્વારા ચાલતી નિયમો બહારની BBA ડિગ્રી કોર્સ બાબત**
**સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:આઈએસસી-૭/૫૬૧૯-૩૦/૨૦૧૬, તા.૨૦/૦૨/૨૦૧૬**

ઉપર્યુક્ત વિષય પરત્વેના અત્રેના તા.૨૦/૦૨/૨૦૧૬ના પત્રના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫ - ૧ અને ૨ તરફ આપનું ધ્યાન દોરુ છું. કલમ ૫ – ૧ અને ૨ નીચે મુજબ છે. જે બાબત યુનિવર્સિટીની હુકૂમત અને વિશેષાધિકારોને સંબંધિત છે.

“ ૫. (૧) યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કોઈ શિક્ષણ સંસ્થાથી [૧][રાજ્ય] સરકારની મંજૂરી વિના, કાયદાની સ્થાપિત બીજી કોઈ યુનિવર્સિટી સાથે કોઈપણ રીતે જોડાઈ શકાશે નહિ અથવા તેના કોઈ વિશેષાધિકાર મેળવવાનો પ્રયત્ન કરી શકાશે નહિ.

(૨) યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કોઈ શિક્ષણ સંસ્થા આ અધિનિયમ અમલમાં આવે તે તારીખ પહેલાં એવી બીજી યુનિવર્સિટી તરફથી ભોગવતી હોય તેવા કોઈ વિશેષાધિકાર તે તારીખથી પાછા ખેંચી લેવાય છે એમ ગણાશે. ”

ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાને લઈને અત્રેથી જણાવ્યા અનુસાર વિગતે જરૂરી તપાસ કરીને આપના યુનિવર્સિટી વિસ્તારમાં યુ.જી.સી.ના સ્થાપિત નિયમ બહાર ચલાવવામાં આવતા કોર્સીસ અને યુ.જી.સી.ના નિયમોનુસારના એફીલીયેશન વગર ચાલતી કોલેજોની માહિતી સત્વરે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

AJ

( એ. જે. શાહ )
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર,
ગુ.રા. ગાંધીનગર.

**નકલ રવાના:** સમાન કાર્યવાહી સારૂ.
તમામ કુલપતિશ્રી – એમ.એસ. યુનિવર્સિટી / સરદાર પટેલ યુનિવર્સિટી / સૌરાષ્ટ્ર યુનિવર્સિટી / ભાવનગર યુનિવર્સિટી / જુનાગઢ યુનિવર્સિટી / ગોધરા યુનિવર્સિટી / પાટણ યુનિવર્સિટી / કચ્છ યુનિવર્સિટી / દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી